दाखल तारीख: १२–०६–२०१९ 

દાખલ તારીખ:  ૧૨–૦૬–૨૦૧૯
રજી.  તારીખ :  ૧૨–૦૬–૨૦૧૯
ફેસલ  તારીખ:  ૦૬–૦૫–૨૦૨૬
અવધિ : વર્ષ – માસ – દિવસ

આંક–

**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.નવમાં અધિક સેશન્સ જજશ્રીની કોર્ટમાં અમદાવાદ.**

**<u>S.C. No. 104 of 2019</u>**

| | |
|---|---|
| DATE OF JUDGMENT | 06-05-2026 |
| SESSIONS CASE NO. | 104-2019 |

**(Details of of FIR/Crime and Police Station)**

| | |
|---|---|
| Police Station | Vastrapur Police Station, District Ahmedabad |
| Crime as per Charge-sheet | IPC Section 306, 294(B), 498(A), 114 & Dowry prohibition Act sec 3, 7 |
| Charges as per Charge framed | IPC Section 306, 294(B), 498(A), 114 & Dowry prohibition Act sec 3, 7 |
| Complainant | Minaxiben Arvindbhai Shah<br>Occu. Housewife, Age-64<br>R/o. 13, Chitrakut Twins, Nr. Regency Tower, Nehrupark, Ahmedabad. |
| Represented By | Learned Public Prosecutor<br>Ms. S.B. Patel |
| Accused | (1) Kanaiyalal Hiralal Shah **(Abate)**<br>(2) Arunaben W/o Kanaiyalal Shah<br>(3) Neepaben D/o Kanaiyalal Shah<br>(4) Niraj S/o Kanaiyalal Shah |
| Accused Represented By | Learned Advocate Mr. H.A. Badhiya |

**<u>FORM B</u>**

| | |
|---|---|
| Date of Offense | **29-04-2017** |
| Date of FIR | **<u>02-05-2017</u>** |
| Date of Charge-sheet | **<u>12-06-2019</u>** |
| Date of Framing of Charges | **<u>11-11-2019</u>** |
| Date of Commencement of Evidence | **<u>11-03-2026</u>** |
| Date on which Judgment is reserved | **<u>06-05-2026</u>** |
| Date of Judgment | **<u>06-05-2026</u>** |
| Date of the Sentencing Order, if any | **<u>-</u>** |

## –:: જજમેન્ટ ::–

(૧) આ કામના ઉપરોકત નામ જણાવેલ આરોપીઓ **સેશન્સ કેસ નં.૧૦૪/૨૦૧૯** ની ટ્રાયલનો સામનો કરી રહેલ છે. તેઓની વિરૂધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૨૯૪(ખ), ૪૯૮(ક), ૧૧૪ તથા દ.પ્ર.ધારા કલમ–૩, ૭** મુજબના ગુનાનો આરોપ છે.

(૨) **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :**

આ કામના આરોપી નં.૪ નીરજભાઈ કનૈયાલાલ શાહ નાની સાથે આ કામે મરણ જનાર ફરીયાદીની દિકરી મૌનવીના તા.૨૮/૦૧/૨૦૦૭ ના રોજ જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન થયેલ ત્યારથી આરોપી નં.૪ નાએ તેણીને પત્ની તરીકે નહીં સ્વીકારી તેમજ પતિ–પત્નીના સંબંધો નહીં રાખી અને તેણીના સાસુ આરોપી નં.ર અરૂણાબેન તથા સસરા આરોપી નં.૧ કનૈયાલાલ શાહ તથા નણંદ આરોપી નં.૩ નિપાબેન નાઓએ ઘરકામ નહીં કરવા દઈ તેમજ અવાર નવાર આરોપી નં.૧ ને કેનેડા જવા માટેના પૈસાની માંગણી કરી, મરણ જનારના પિતાએ પૈસા નહીં આપતા આરોપી નં.૧, ૨, ૩ નાઓએ મરણ જનારના પતિ આરોપી નં.૧ ને ચઢામણી કરી, મરણ જનાર સાથે મારઝુડ કરી કરાવી, શારીરિક તથા માનસિક ત્રાસ આપી સાસરેથી પિયર કાઢી મુકતા તેણીએ અવાર નવાર સાસરે જવાના પ્રયત્ન કરવા છતાં તેને નહીં તેડી જઈ મરણ જનારનું જીવવું દુષ્કર બનાવતા તમામ આરોપીઓના ત્રાસના કારણે ત્રાસ સહન નહીં થતા અને તેઓના મરવા સુધીનું દુષ્પ્રેરણ અને ત્રાસ કરવાના કારણે તા.૨૯/૦૪/૨૦૧૭ ના ક.૦૯/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન મરણ જનારે તેના હસ્તાક્ષરમાં સુસાઈડ નોટ લખી તેમાં ઉપરોકત તમામ હકીકત દર્શાવી પોતાના પિયર મકાન નં.૧૩ ચિત્રકુટ ટવીન બંગ્લો નહેરૂપાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે મકાનમાં બેડરૂમમાં પંખામાં દુપટ્ટો બાંધી, ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હોય, આરોપીઓએ તેણીને મરણ જવા સુધીનું દુષ્પ્રેરણ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૨૯૪(ખ), ૪૯૮(ક), ૧૧૪ તથા દ.પ્ર.ધારા કલમ–૩, ૭ મુજબનો ગુન્હો કરેલ તે મતલબની ફરીયાદીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૪/૨૦૧૭ થી નોંધાયેલ. તેની પોલીસ તપાસના અંતે આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬, ૨૯૪(ખ), ૪૯૮(ક), ૧૧૪ તથા

દ.પ્ર.ધારા કલમ–૩, ૭ મુજબનું ચાર્જશીટ સી.આર.પી.સી.ની કલમ ૧૭૩ અન્વયે કરવામાં આવેલ છે. જેને ક્રિમીનલ રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ સદર કેસમાં વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓને તેમની વિરૂધ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી આરોપીઓ પોતાના સ્વ–ખર્ચે વકીલશ્રી રોકી પોતાનો કાનુની બચાવ કરવા માગતા હોવાનું જાહેર કરતા આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સત્ર અદાલતને હોય, વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ સામેનો સદર કેસ **સી.આર.પી.સી. કલમ ૨૦૯** અન્વયે સેશન્સ કમીટ કરતા તે **સેશન્સ કેસ નં.૧૦૪/૨૦૧૯** થી રજીસ્ટરે લઈ ન્યાયીક નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં તબદીલ કરતા આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા આરોપીઓને તેમની વિરૂધ્ધના કેસના કાગળોની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે. આ કામના આરોપીઓ સામે તા.૧૧–૧૧–૨૦૧૯ ના રોજ **આંક–૦૫ થી તહોમતનામું** ફરમાવવામાં આવેલ, જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી સમજાવતા તેઓનું **આંક–૦૬ થી આંક–૦૯ સુધી પ્લી** નોંધતા તેઓએ તેમની સામેના તહોમતને નકારી કાઢેલ છે અને તેઓને ગુનો કબુલ મંજુર નથી તેમ જણાવતા તેમના વિરુધ્ધ હાલનો ટ્રાયલ ચલાવવામાં આવેલ છે.

સદર કામે આંક–૧૫ થી આ કામના આરોપી નં.૪ નારો પુરસીસ આપી જણાવે છે કે, તેમના પિતા કનૈયાલાલ હીરાલાલ શાહનું તા.૦૭/૦૪/૨૦૨૧ ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે. જે સદર કામે આરોપી નં.૧ હતા. તેઓનું મરણનું પ્રમાણપત્ર આ કામે રજુ રાખેલ છે. આંક–૧૫ ની પુરસીસ તથા આરોપી નં.૧ ના મરણના પ્રમાણપ્ર આધારે આરોપી નં.૧ વિરુધ્ધ સદર કેસ એબેટ કરવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના સાહેદોને તપાસી **મૌખીક પુરાવો** રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | મૌખિક પુરાવા | આંક |
|---|---|---|
| 01 | પંચસાહેદ ભાનુમતિ નટવરલાલ બોરડની જુબાની | ૨૫ |
| 02 | પંચસાહેદ યોગેશ ચુનીભાઈ પુરોહીતની જુબાની | ૨૮ |
| 03 | સાહેદ વૈભવી ગૌરાંગભાઈ શાહની જુબાની | ૩૦ |

| | | |
|---|---|---|
| 04 | ફરીયાદી મીનાક્ષીબેન અરવિંદભાઈ શાહની જુબાની | ૩ર |
| 05 | સાહેદ સરફરાજખાન ગુલાબખાન પઠાણની જુબાની | ૩૯ |
| 06 | ત.ક.અ. રમેશભાઈ ખાનાભાઈ વાણીયાની જુબાની | ૪૩ |

(૫) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખીક પુરાવા ઉપરાંત નીચે મુજબનો **દસ્તાવેજી પુરાવો** પણ રજુ કરેલ છે :

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન અને વિગત | આંક |
|---|---|---|
| 01 | પંચનામું | ર૬ |
| 02 | ઈન્કવેસ્ટ પંચનામું | ર૭ |
| 03 | પંચનામું | ર૯ |
| 04 | ફરીયાદ | ૩૧ |
| 05 | આઈ.ઓ.ની ટેલીફોન વર્ધી | ૩૫ |
| 06 | પી.એમ. નોટ | ૩૭ |

(૬) ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષે વિધ્વાન એપીપીશ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતી કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ.

(૭) ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે આરોપીઓને ખુલાસો કરવાની પુરતી તક મળી રહે તે હેતુસર સી.આર.પી.સી.કલમ ૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના તમામ પુરાવા નકારી કાઢી વિશેષમાં જણાવેલ છે કે, અમદાવાદ ફેમીલી કોર્ટ ફેમીલી સ્યુટ નં.૩૧૫/૨૦૧૭ ની અરજી તથા નોટીસ રજુ કરેલ છે. તેઓએ સી.આર.પી.સી. કલમ–૩૧૩ લગત તેમના લેખિત ખુલાસા રજુ કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદી સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.બી. પટેલની તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એચ.એ. બઢીયાની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૮) ફરીયાદપક્ષે વિધ્વાન એપીપીશ્રી એસ.બી. પટેલ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે. ફરીયાદીની ફરીયાદને ધ્યાને લેતાં, તેમાં આરોપી વિરુધ્ધ

જે આક્ષેપો કરવામાં આવેલા છે તે સંબંધેનો જે પુરાવો રજુ થયેલ છે તે સંપુર્ણપણે માનવાલાયક છે. વધુમાં, તેઓએ રજુઆત કરેલ છે કે, મરણ જનારની લાશનો પી.એમ.રીપોર્ટ જોતા મરણજનારનું મોત અકુદરતી હોવાનું અને ગળે ફાંસો ખાવાથી થયેલાનું અને તે રીતે મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલાની હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે.

વધુમાં રજુઆત કરેલ કે, ફરીયાદીની ફરીયાદ હકીકત સાથે ફરીયાદ લેનાર પોલીસ અધિકારીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીના લખાવ્યા મુજબ જ ફરીયાદ લખવામાં આવેલ હોવાનુ તેમજ મરણજનારના લગ્ન આરોપી નં.૧ સાથે થયેલાનું પુરવાર થાય છે. આમ, મરણજનાર અને આરોપી નં.૧ પતિ–પત્ની હોવાનું પુરવાર થાય છે. તે સંજોગોમાં સદર મરણ જનાર બેડરૂમના પંખામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ગાઈ મરણ ગયેલાનું જણાવેલ હોય, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૩(એ) મુજબ આરોપી વિરૂધ્ધ એ પ્રકારનું અનુમાન થઈ શકે છે કે, મરણજનારને તેઓ ધ્વારા આપવામાં આવેલ શારીરિક અને માનસિક ત્રાસના કારણસર મરણજનારે આત્મહત્યા કરેલ છે. આમ, આરોપીઓએ મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ આપેલાનું પુરવાર થાય છે. વિ.સરકારી વકીલશ્રીએ આ કામે રજુ થયેલા ફરીયાદપક્ષના મહત્વના પુરાવામાં ફરીયાદી તથા ફરીયાદપક્ષના સ્વતંત્ર સાહેદોના મૌખિક પુરાવા તરફ ધ્યાન દોરેલ છે અને રજુઆત કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદને ફરીયાદીના મૌખિક પુરાવાથી સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ છે તેમજ તેમના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે. તેથી, ફરીયાદ અને ફરીયાદીના મૌખિક પુરાવાને ધ્યાને લેવો જોઈએ.

વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આરોપી વિરુધ્ધ અનુમાન કરવાનું રહે છે કે, મરણજનારનું મૃત્યુ આરોપી નિરજને કેનેડા જવા માટે રૂા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) ની માંગણી કરી, ગાળાગાળી કરી, માર મારી ઘરેથી કાઢી મુકી, અસહય ત્રાસ આપતા, મરી જવા માટે મજબુર કરતા પોતાના પિયરમાં પોતાની મેળે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ. ફરીયાદપક્ષ ધ્વારા આ હકીકત સંબંધે માનવાલાયક પુરાવો રજુ કરેલ છે અને તેથી આરોપીઓ નિર્દોષ

છે તે હકીકત દર્શાવતો પુરાવો આરોપીઓએ આપવો જોઈએ, જે આરોપીઓએ આપેલ નથી અને તેથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય છે.

વિ.એ.પી.પી.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાને સમગ્ર રીતે ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના તહોમતનામા મુજબનો ગુન્હો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલા હોય, આરોપીઓને આ ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવા જોઈએ.

(૯) બચાવપક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એસ.એ. બઢીયા નાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદ આ કામના ફરીયાદી કે જેઓ મરણજનારના માતૃશ્રી છે તેમણે આપેલ છે, જેની હકીકતો પુરવાર થતી નથી. તેમની ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, તેમની દિકરીના પતિએ ફેમિલી કોર્ટ અમદાવાદમાં એચ.એમ.પી.નં.૩૧ ૫/૨૦૧૭ થી છુટાછેડા મેળવવા માટેની અરજી દાખલ કરેલી, જેની નોટીસ તેમની દિકરીને મળેલી, આ નોટીસ મળતા તેમની દિકરીને લાગી આવતા તેણીએ આત્મહત્યા કરેલી, તે સિવાય તેમની દિકરીને આત્મહત્યા કરવા માટેનું બીજુ કોઈ કારણ ન હતું. વધુમાં ફરીયાદીની સરતપાસમાં તેમની દિકરીએ સુસાઈડ નોટ લખી હોય, તો તે અંગેની તેમને માહિતી નથી અને તેમને આવી કોઈ સુસાઈડ નોટ બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. તેમનો પુરાવો માનવાલાયક નથી.

પંચસાહેદોની આરોપી તરફેની ઉલટ તપાસમાં સદરહુ પંચસાહેદોએ એ હકીકત જણાવેલ કે, પોલીસે તેઓના ઘરે આવીને તેઓની સહી કરાવેલી, તે સિવાય બીજુ કાંઈ જ તેઓ જાણતા નથી. તેઓ પાડોશમાં રહેતા હોવાથી તેઓએ સહી કરેલી. તેઓને સોસાયટી માંથી મરણ જનાર વ્યકિતને આરોપીઓ તરફથી કોઈપણ પ્રકારનો ત્રાસ હોવાથી કોઈપણ હકીકત કયારેય જાણવા મળેલ નહીં તેમ જણાવે છે.

બચાવપક્ષે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષના તમામ સાહેદો મરણજનારના નજીકના સગાં-સંબંધીઓ છે અને આ તમામ સાહેદો રસ ધરાવતા સાહેદો છે. જેથી તેમના પુરાવાને સહજતાથી સ્વીકારવા ન જોઈએ. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષે સમર્થન પ્રાપ્ત થતુ નથી.

વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, આ કામે ખુદ ફરીયાદી જ તેમની આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, છુટાછેડા મેળવવા માટેની અરજી દાખલ કરેલી, જેની નોટીસ તેમની દિકરીને મળતા તેમની દિકરીને લાગી આવતા તેણીએ આત્મહત્યા કરેલી, આ સિવાય તેમની દિકરીને આત્મહત્યા કરવા માટેનું બીજુ કોઈ કારણ ન હતું. આમ, આ હકીકતને ધ્યાને લેતાં, આ કામે આરોપી નાઓએ કેનેડા જવા માટે રૂા.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ હોય, જે વાત ફરીયાદપક્ષ લઈને આવેલ છે તે માનવાલાયક નથી તેમ જણાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૧૦)** રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો, બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓએ કરેલ રજુઆતો, કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લેતા કેસના અંતીમ નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–// <u>મુ દ્દા ઓ</u> //–**

/૧/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણજનારનું મૃત્યુ એ અકુદરતી રીતે થયેલ મૃત્યુ છે ?

/૨/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીની દિકરીને આરોપી નં.૧ નાએ લગ્ન કર્યા બાદ પતિ–પત્નીના સંબંધો રાખેલા નહીં તેમજ આરોપી નં.ર, ૩ અને ૪ નાઓએ ઘરકામ નહીં કરવા દઈ, અવાર–નવાર આરોપીને કેનેડા જવા માટે રૂા.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ, જે નહીં આપી શકતાં, આરોપી નં.૧ ને ચઢામણી કરી, મારઝુડ કરાવી, શારીરિક અને માનસિક ત્રાસ આપી સાસરીમાંથી પિયર કાઢી મુકી ફરીયાદીની દિકરી પિયર જવાનો પ્રયત્ન કરતાં તેને નહીં તેડી જતાં ફરીયાદીની દિકરી મૌનવીને જીવન જીવવું મુશ્કેલ કરતા અને તેણીના ત્રાસ સહન નહીં કરી શકતા અને મારવા માટેનું દુષ્પ્રેરણ કરતાં ફરીયાદીની દિકરીએ ૧૩, ચિત્રકુટ ટવીન્સ બંગલો, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર ખાતે સુસાઈડ નોટ લખી તા.ર૯/૦૪/ર૦૧૭ ના કલાક ૦૯:૦૦ થી ૧ર:૦૦ વાગ્યા દરમ્યાન બેડરૂમના પંખામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હોય. હાલના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની **કલમ ૩૦૬, ૨૯૪(ખ), ૪૯૮(ક) તથા ૧૧૪** મુજબ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

/૩/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ મરણ જનાર મૌનવી પાસેથી કેનેડા જવા માટે પૈસાની માં ગણી કરી, તે અંગે મારઝુડ કરી, શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી,

મરણ જનાર મૌનવીને ઘરમાંથી કાઢી મુકી મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ આપી **દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭** મુજબ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

/૪/ શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

/૧/ હકારમાં,
/૨/ નકારમાં,
/૩/ નકારમાં,
/૪/ આખરી હુકમ મુજબ.

**(૧૨) ઉપરોકત તારણ ઉપર આવવા માટેના કારણો નીચે મુજબ છે :**

**–//કા ર ણો//–**

**(૧૩) મુદ્દા નં. ૧ :–**

**મેડિકલ એવીડન્સ**

આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ મરણજનારે મકાન નં.૧૩, ચિત્રકુટ ટવીન બંગ્લો, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે મકાનમાં બેડરૂમમાં પંખામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હોવાનો કેસ છે. જે હકીકતના સંદર્ભમાં મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું, મરણજનારની લાશનું પી.એમ. તેમજ તે સાથેના દસ્તાવેજોને ધ્યાને લેવા જરૂરી છે. આ સંદર્ભે આંક–૨૭ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામું ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલી હકીકતને ધ્યાને લેતાં મરણજનારને ગળામાં દુપટ્ટા વડે ફાંસો ખાધેલ હોય, ઘસરડો પડેલાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે આંક–૩૯ થી સાહેદ સરફરાજખાન ગુલાબખાન પઠાણને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની મૌખિક જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તે મુજબ તેઓને વસ્ત્રાપુર વન મોબાઈલ ગાડી તરફથી મેસેજ આવતા બનાવવાળી જગ્યા ૧૩, ચિત્રકુટ, ટવીન્સ બંગલો, વસ્ત્રાપુર ખાતે જઈ સાહેદ દર્શીલ અરવિંદભાઈ શાહ નાઓ હાજર મળતા પહેલા માળ તેમના બેડરૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલાની હકીકત જણાવતા તે આધારે પ્રથમ માળે જઈ બેડરૂમમાં જોતા, બેડ ઉપર મરણ જનાર મૌનવીબેનની લાશ

પડે હોય, જેથી બે પંચો બોલાવી હકીકતથી વાકેફ કરી, પંચો રૂબરૂ ઈન્કવેસ્ટ પંચનામું કરી, સદર બેડરૂમમાંથી બે સુસાઈડ નોટ તેમજ ગળે ફાંસો ખાધેલ તે દુપટ્ટો પંચો રૂબરૂ કબજે કરેલ. આમ, સદર સાહેદની જુબાનીથી પણ મરણજનારનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થાય છે.

(૧૩.૧) આ કામે આ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે બચાવપક્ષ તરફેની રજુઆતની સમગ્ર હકીકતોને ધ્યાને લેતાં, રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, મરણ જનારનું મૃત્યુ અકુદરતી રીતે ઉપરોકત દર્શાવેલા સ્થળમાં દુપટ્ટાથી ગળેફાંસો ખાઈ જવાથી થયેલ છે. આમ, મરણ જનારનું મૃત્યુ અકુદરતી હોવાનું પુરવાર થાય છે. આમ, મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે હકારમાં આપવામાં આવે છે.

**(૧૪) મુદ્દા નં. ૨ અને ૩ :–**

મુદ્દા નં.૨ અને ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, અનુકુળતા માટે અને રીપીટેશન ન થાય તે માટે બન્ને મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવી જરૂરી હોય, ઉપરોકત મુદ્દાઓની તે રીતે સંયુકત ચર્ચા કરેલ છે.

ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલાં કાયદાના કેટલાક પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. ફોજદારી ટ્રાયલમાં કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, કોઈપણ ક્રિમીનલ કેસ એવા અનુમાન સાથે શરૂ થાય છે કે, આરોપી નિર્દોષ છે, જયાં સુધી તેનો ગુનો પુરવાર ન થાય. કાયદાનો એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસોમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે અને ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે જરૂરી તમામ હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની હોય છે. આ હકીકત સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલતે માર્ગદર્શક ચુકાદો ધ્યાને લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **Kali Ram Vs. State of H.P. (1973) 2 SCC 808** ના ચુકાદામાં પેરા–૨૩ માં એવુ ઠરાવેલ છે કે,

> "23. one of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases, is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show

him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumption arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of fact which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused, which may reasonably be true, even though, it is not positively prove to be true, the accused would be entitled to acquittal."

**(૧૫)** મુદ્દા નં.૧ માં ઠરાવ્યા મુજબ મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલાનુ અને મરણજનારે પોતાના પિયર મકાન નં.૧૩, ચિત્રકુટ ટવીન બંગ્લો, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે મકાનમાં બેડરૂમમાં પંખામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હોય, ત્યારે હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે, શું મરણજનારને આરોપી નં.૨, ૩ અને ૪ નાઓએ ઘરકામ નહીં કરવા દઈ, અવાર–નવાર આરોપીને કેનેડા જવા માટે રૂા.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ, જે નહીં આપી શકતાં, આરોપી નં.૧ ને ચઢામણી કરી, મારઝુડ કરાવી, શારીરિક અને માનસિક ત્રાસ આપી સાસરીમાંથી પિયર કાઢી મુકી ફરીયાદીની દિકરી પિયર જવાનો પ્રયત્ન કરતાં તેને નહીં તેડી જતાં ફરીયાદીની દિકરી મૌનવીને જીવન જીવવું મુશ્કેલ કરતા અને તેણીના ત્રાસ સહન નહીં કરી શકતા અને મારવા માટેનું દુષ્પ્રેરણ કરતાં ફરીયાદીની દિકરીએ ૧૩, ચિત્રકુટ ટવીન્સ બંગલો, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર ખાતે સુસાઈડ નોટ લખી તા.૨૯/૦૪/૨૦૧૭ ના કલાક ૦૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા દરમ્યાન બેડરૂમના પંખામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ મરણ જવા માટે દુષ્પ્રેરણ કરેલ કે કેમ ? આ હકીકતના સંદર્ભમાં ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરતા પહેલા સૌ પ્રથમ ઈ.પી.કો.કલમ ૪૯૮(ક) ની જોગવાઈ જોવામાં આવે તો :

**કલમ ૪૯૮(ક) : સ્ત્રીનો પતિ અથવા પતિના સગા તેણીને ક્રૂરતાનો ભોગ બનાવે :**

કોઈપણ સ્ત્રીનો પતિ અથવા પતિના સગા હોય તે કોઈ સ્ત્રીને કૃરતાનો ભોગ બનાવે અને એવા પ્રકારનું ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી, શરીરના કોઈ અવયવ કે (માનસિક કે શારીરિક) આરોગ્યને ભયમાં મુકવા પ્રેરે :

વધુમાં આ હકીકતના સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો તેમજ પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ઘ્યાને લેતા સૌ પ્રથમ ઈ.પી.કો. **કલમ ૩૦૬** ની જોગવાઈ મુજબ જો કોઈ વ્યકિત આત્મહત્યા કરે તો તેવી વ્યકિતને આત્મહત્યા કરવામાં જો કોઈ વ્યકિતએ કે વ્યકિતઓએ મદદગારી કરેલી હોય કે કોઈ દુષ્પ્રેરણા કરેલ હોય તો તેવી વ્યકિતએ સદરહુ તહોમત નીચેનો ગુન્હો કરેલો છે તેવું કહેવાશે. એ વિશે કોઈ શંકા નથી કે, મનુષ્યને જીંદગીમાં સૌથી વધુ પ્રેમ પોતાના ખુદના જીવ સાથે હોય છે. મૃત્યુની કલ્પના પણ માણસને ધ્રુજાવી દેતી હોય છે. આથી કોઈ વ્યકિત વ્યાજબી કારણ કે સંજોગો સિવાય આત્મહત્યા કરી પોતાની મુલ્યવાન જિંદગી નષ્ટ કરવાનું પસંદ કરી શકે નહીં. આમ છતાં પણ સમાજમાં આત્મહત્યાના બનાવો વારંવાર બનતા જોવા મળે છે. તેની પાછળ દરેક વખતે કોઈને કોઈ કારણ જવાબદાર હોય છે. ઘણી વખત માણસને હતાશા આત્મહત્યા કરવા તરફ દોરી જાય છે, તો નિષ્ફળતા પણ આવા જ કિસ્સાની જન્મદાતા છે. આ ઉપરાંત ગરીબી, બેરોજગારી, પંગુતાપણુ, ગંભીર બિમારી, તેમની સામે ઉભા થયેલા સંજોગો સામે ટકી નહીં શકવાની નબળાઈ, ક્રુરતા, ત્રાસ વિગેરે અનેક પ્રકારના કારણો કે તેવા પરિબળો આત્મહત્યા માટે જવાબદાર હોવાનું અનુભવવામાં આવેલ છે. ઘણી વખત એવું પણ જોવા મળે કે, સતત અને એકધારી રીતે ચોકકસ સંજોગોનો શિકાર બનેલ હોવા છતાં જિંદગી જીવવાની અગમ્ય ઈચ્છાના કારણસર કોઈ વ્યકિત તેવા સંજોગોનો સામનો કરી રહેલો હોય અને પોતાની જાતને ટકાવી રાખેલી હોય, પરંતુ પાછળથી કોઈ અંગત કારણોસર તેણે આત્મહત્યા કરી પોતાની જિંદગી ટૂંકાવી નાંખેલી હોય અને તે કારણ તે ભોગ બનનાર વ્યકિત એકલી જ જાણતી હોય અને તેના મૃત્યુ સાથે તેવા કારણનું રહસ્ય પણ કાયમ માટે દબાઈ જતું હોય છે. તેથી જ જયારે જયારે કોઈ વ્યકિતએ આત્મહત્યા કરેલી હોય અને બીજી વ્યકિતએ તેને આત્મહત્યા કરવામાં મદદગારી કે દુષ્પ્રેરણા કરેલી છે તેવો આક્ષેપ મુકવામાં

આવે ત્યારે તે વ્યકિતએ ભોગ બનનાર વ્યકિતને આવી મદદગારી કે તેવી દુષ્પ્રેરણા કરેલી હોવાનું સાબિત કરવું જોઇએ તથા મદદગારી કે દુષ્પ્રેરણાને સીધુ જોડાણ હોવાનું પણ સાબિત થવું જોઇએ. આ મદદગારી એટલે કે, ભારતીય દંડ સંહિતાની **કલમ ૧૦૭** માં કરવામાં આવેલી જોગવાઈ મુજબની મદદગારી છે, આ જોગવાઈ નીચે મુજબ છે.

**'' ૧૦૭ કોઈ બાબતમાં મદદગારી.**

(૧) કોઈ બાબત કરવા માટે અન્ય વ્યકિતને ચઢવણી કરે અથવા (ર) કોઈ બાબત કરવા માટે અન્ય કે એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનૂની રીતે ટાળવામાં આવે અથવા, (૩) કોઈ બાબત કરવા અથવા કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપુર્વક સહાય કરે, તો તે બાબતમાં મદદગારી કરેલ છે. ''

ભારતીય દંડ સંહિતાની **કલમ ૧૦૭** ની ઉપરની જોગવાઈ ઘ્યાનમાં રાખતાં એવું ખુલે છે કે, જયારે કોઈ વ્યકિતએ અન્ય વ્યકિતને કોઈ કૃત્ય કરવા ચઢામણી કરેલ હોય અગર તો કોઈ કૃત્ય કરવા માટે બે થી વઘુ વ્યકિતઓએ મળી કાવતરુ રચેલ હોય અગર તો કોઈ બાબત કરીને કે કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ કૃત્ય કરેલ હોય, જેના કારણે ભોગ બનનાર વ્યકિતએ આત્મહત્યા કરેલી હોય તો તેવી વ્યકિતએ ભારતીય દંડ સંહિતાની **કલમ ૧૦૭** નીચેની આત્મહત્યામાં મદદગારીનું કૃત્ય કરેલ છે તેવું કહી શકાય.

આ જોગવાઈને કુલ ૩ ભાગમાં વહેંચી શકાય. **(૧) ચઢવણી (ર) કાવતરુ અને (૩) કાઈક કરીને અગર તો ગેરકાનૂની રીતે કરીને.** ખાસ કરીને હાલના કેસ જેવા સં જોગોમાં આરોપીએ ભોગ બનનાર માટે થઈને અન્ય કોઈ વ્યકિતઓ સાથે મળીને કોઈ કાવતરુ કરેલ હતું, તેવો ફરિયાદ પક્ષનો કેસ નથી. જયારે બીજુ તત્વ કે જે કાંઈક કરીને અગર તો કોઈ કૃત્ય કરવાનું ટાળીને મદદગારી કર્યા અંગેનું છે, જે તત્વ ઘણું જ મહત્વનું છે. જેમાં ગુન્હેગાર ભોગ બનનાર વ્યકિતને સીધી કે આડકતરી રીતે મદદ કરતો હોય છે. ભોગ બનનારને જિંદગી ટૂંકાવવા માટે થઈને સ્ફોટક પદાર્થ, ઝેર કે બીજા કોઈ સાધનો પુરા પાડેલા હોય છે. જે કૃત્ય તેમને સીધી રીતે આત્મહત્યામાં મદદ કરે છે. જયારે આ જ તત્વના બીજા ભાગમાં કાઈક કૃત્ય કરવું જોઈએ તે નહીં કરીને મદદગારી કર્યા અંગેનો છે. આ તત્વ દરેક

વ્યકિતની કાયદાકીય જવાબદારી સાથેનું છે. જયારે કોઈ વ્યકિત કોગ્નીઝેબલ ગુન્હો કરતી હોય ત્યારે તે ગુન્હો થતો જોનાર દરેક વ્યકિતની તે ગુન્હો થતો અટકાવવાની જવાબદારી થઈ પડે છે. જો આવો ગુન્હો થતો માત્ર જોવામાં જ આવે અને તેને અટકાવવામાં ન આવે તો તે વ્યકિત પોતાની કાનૂની ફરજ ચુકેલા છે અને ગુન્હો કરવામાં મદદગારી કરેલી છે તેવું કહેવાશે. **કલમ ૧૦૭** ની વ્યાખ્યા વંચાણે લેતા ત્રણ પ્રકારની મદદગારી પૈકી જોઈએ તો ચઢવણી કાવતરૂ અથવા કાર્યલોપ આ ત્રણ બાબતો ટુંકમાં ધ્યાને લઈ શકાય. આ કલમની વિવેચનામા જાણીબુઝીને, ઈચ્છાપૂર્વક, સ્વૈચ્છાપુર્વક, ઈરાદાપુર્વક સરળતા કરી આપવા જેવા શબ્દો ગુનેગાર કે ગુનામાં મદદગારી કરનારનો ઈરાદો દર્શાવે છે અને તે જે કૃત્યમાં મદદગારી કરે છે, તે કૃત્યનું પરિણામ અથવા સંભવિત પરિણામ તે વ્યકિત જાણતો હોય છે.

**<u>પંચ સાહેદોનો પુરાવો :</u>**

**(૧૬)** ઉપરોકત કાનુની સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો ધ્યાને લેવો જરૂરી છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલા પંચસાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, આંક–૨૫ થી તપાસવામાં આવેલા પંચસાહેદ ભાનુમતિ નટવરલાલ બોરડ કે જેઓ ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ છે. તેઓએ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકત મુજબ પુરાવો આપેલ છે. જયારે આંક–૨૮ થી તપાસવામાં આવેલ પંચસાહેદ યોગેશ ચુનીભાઈ પુરોહીત ધ્વારા આંક–૨૯ વાળા મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, આંક–૨૬ વાળુ પંચનામું પુરવાર થતુ નથી.

**(૧૭)** આંક–૨૬ તથા આંક–૨૭ વાળા પંચનામાના પંચસાહેદ ભાનુમતી વા/ઓ નટવરલાલ કેશવલાલ બોરડ તેમની આંક–૨૫ ની જુબાનીમાં કોર્ટના રેકર્ડમાંથી તા.૧૫/૦૪/૨૦૧૮ ના રોજના કુદરતી લખાણવાળા કાગળો કબ્જે કર્યા અંગેના પંચનામા તથા તા.૨૯/૦૪/૨૦૧૭ ના રોજના ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં, આંક–૨૮ થી તપાસવામાં આવેલ પંચસાહેદ યોગેશ ચુનીભાઈ પુરોહીત ધ્વારા આંક–૨૬ તથા આંક–૨૯ વાળા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ તમામ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા

તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. આ ઉલટ તપાસને સમગ્ર રીતે ધ્યાને લેતાં, તેમાંથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત નિકળી આવેલ નથી. આ તમામ પંચસાહેદોના પુરાવાને ધ્યાને લેતાં, જે પંચનામા કરવામાં આવેલા છે તે તમામ પંચનામાની હકીકતો પંચોના પુરાવાથી પુરવાર થતી નથી. આમ, આ હકીકતો પ્રાથમિક તબકકે પુરવાર થતી ન હોય, તેની હકીકતોને ધ્યાને લેતાં, પંચનામા લગતનો પુરાવો ધ્યાને લેતાં, ઉપરોકત જણાવેલા પંચનામાની હકીકતો પંચોની જુબાનીથી પુરવાર થતી નથી.

**(૧૮) <u>ભોગ બનનારના સગા સંબંધીઓનો પુરાવો :</u>**

ફરીયાદપક્ષ તરફે આંક–૩૦ થી વૈભવી ગૌરાંગભાઈ શાહને તપાસવામાં આવેલા છે, જેઓ મરણજનાર મોનવીના નાના બહેન છે. તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, મોનવીના લગ્ન નિરજ કનૈયાલાલ શાહ સાથે તા.૨૮/૦૧/૨૦૦૭ ના રોજ થયેલા. લગ્ન પછી તેમની બહેનને સાસરીમાં તેના પતિ, સાસુ–સસરા અને નણંદ સાથે સામાન્ય ઝઘડાઓ થતા હતા. તેમની બહેનના સાસરીવાળા કોઈ દહેજની માંગણી કરેલ નથી અને તેમની બહેનને કોઈ શારીરિક માનસિક ત્રાસ આપેલ નથી. આ કામની ફરીયાદ તેમની માતાએ આપેલ છે, જેતા.૦૨/૦૫/૨૦૧૭ ના રોજની છે, તેમાં તેમના માતાની સહી ઓળખી બતાવે છે. સદરહુ સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય, તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે.

**(૧૮.૧)** આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, તેમાં તેઓ એવી હકીકત કબુલ રાખે છે કે, તેમની બહેન મોનવીના લગ્નની નોંધણી તા.૨૦/૦૧/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલી. તેમની બેન મોનવી સને–૨૦૧૧ થી તેમના માતૃશ્રી સાથે રહેતા હતા. સને–૨૦૧૧ પછી તેમની બહેન અને તેમના પતિ નિરજ અલગ વસવાટ કરતા હતા. તેઓએ એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે, તેમના બહેન ગુજરી ગયા ત્યાં સુધી નોકરી કરતા હતા અને મોનવી અરવિંદભાઈ શાહના નામથી ઓળખાતા હતા.તેમના તમામ દસ્તાવેજો પિતાના નામથી ચાલતા હતા. આ સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે, તેમની બહેન મોનવી ગુજરી ગયેલ તે પહેલા તેણીએ તેના સાસરીપક્ષ સામે નાની–મોટી અરજીઓ કે પોલીસ ફરીયાદ આપેલી ન હતી.

આ સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે, તેમની બહેનની સામે તેમના પતિ નિરજે ફેમિલી કોર્ટ, અમદાવાદમાં તા.૧૬/૦૨/૨૦૧૭ ના રોજ અરજી દાખલ કરતા તા.૨૭/૦૨/૨૦૧૭ ના રોજ મોનવીને કોર્ટની નોટીસ મળતા તેનાથી લાગી આવતા તેણીએ આત્મહત્યા કરેલી. કોર્ટની નોટીસ મળતા તેની બહેને આ પગલુ ભરેલુ છે, તે સિવાય તેણીને અન્ય કોઈપણ પ્રકારનો ત્રાસ નહોતો. આ સાહેદના પુરાવાને ઘ્યાને લેતા, તેમાંથી તેવી હકીકત જણાઈ આવતી નથી કે, આરોપીઓએ મરણ જનાર મોનવી પાસે અથવા તો મરણ જનાર મોનવીના માતા–પિતા પાસેથી કોઈપણ પ્રકારના રૂપિયાની માંગણી કરી હોય. ફરીયાદપક્ષના કેસની હકીકતને ઘ્યાને લેતાં, જયારે ફરીયાદપક્ષનો કેસ એવી હકીકત સાથે આવ્યા હોય કે, મરણ જનાર મોનવીને આરોપીઓ ઘ્વારા રૂપિયાની માંગણી થતા મરણ જનારે આત્મહત્યા કરી હોય, તે હકીકત સંબંધે આ સાહેદ લેશમાત્ર હકીકત જણાવતા નથી.

**(૧૮.૨)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદી મીનાક્ષીબેન અરવિંદભાઈ શાહને આંક–૩૨ થી તપાસવામાં આવેલા છે, તેઓ મરણ જનાર મોનવીના માતા છે. તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ બનાવ વખતે તેમના દિકરા સાથે રહેતા હતા. તેમના પતિ ૨૦૧૭ માં ગુજરી ગયેલ છે. તેમની દિકરી મોનવીએ બી.એચ.એમ.એસ.નો અભ્યાસ કરેલો હતો અને લગ્ન પહેલા સાલ હોસ્પિટલમાં નોકરી કરતી હતી. તેને કેનેડા જવાનું હોય, તેના કોર્ટ મેરેજ તા.૨૦/૦૧/૨૦૦૬ ના રોજ નિરજ કનૈયાલાલ શાહ સાથે કરેલા હતા અને ત્યારબાદ રીતીરીવાજ મુજબ તા.૨૮/૦૧/૨૦૦૭ ના રોજ નિરજ કનૈયાલાલ શાહ સાથે થયેલા. લગ્ન વખતે રીતરીવાજ મુજબ તેમને દરદાગીનાની ચીજવસ્તુઓ આપેલી. તેમની દિકરીને સાસરીમાં શરૂઆતમાં સારી રીતે રાખતા અને તેમની દિકરીને તેના પતિ સાથે નજીવી બાબતે ઝઘડા થતા હતા. તેઓ એવી હકીકત જણાવે છે કે, તેની દિકરીને તેના પતિ સાથે ઝઘડો થવાથી તેના પતિ તા.૨૯/૦૮/૨૦૦૭ ના રોજ રાત્રીના તેમના ઘરે મુકી ગયેલા અને સમાધાન થતા ફરીથી તેના સાસરીમાં મોકલેલ. તેઓએ એવી પણ હકીકત જણાવેલ છે કે, તેમની દિકરીને મનદુ:ખ થતા તેણે તેમના ઘરે બેડરૂમમાં પંખામાં દુપટ્ટો નાંખી ફાંસો ખાધેલો. આ બનાવ અંગે તેમણે ફરીયાદ આપેલી. આ સાહેદના પુરાવાને ઘ્યાને લેતાં તેઓ એવી પણ હકીકત જણાવે છે કે, તેમની દિકરીની સુસાઈડ

નોટ લખી હોય, તો તે અંગેની તેમને માહિતી નથી. તેમને આવી કોઈ સુસાઈડ નોટ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં.

આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને ઘ્યાને લેતાં તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તેમની દિકરી મૌનવી ૨૦૧૧ થી તેમની સાથે જ રહેતી હતી. તેઓ એવી હકીકત કબુલ રાખેલ છે કે, તેમની દિકરીના પતિએ ફેમીલી કોર્ટ, અમદાવાદમાં એચ.એમ.પી.નં.૩૧૫/૨૦૧૭ થી છુટાછેડા મેળવવા માટેની અરજી દાખલ કરેલી, જેની નોટીસ તેમની દિકરીને મળતા તેમની દિકરીને લાગી આવતા તેણીએ આત્મહત્યા કરેલી, આ સિવાય તેમની દિકરીને આત્મહત્યા કરવા માટેનું બીજુ કોઈ કારણ ન હતું.

ઉપરોકત પુરાવાને ઘ્યાને લેતા, ફરીયાદપક્ષના ફરીયાદી કે જેઓ મરણ જનાર મૌનવીના માતા છે. તેઓએ જયારે એવી હકીકત જણાવેલી હોય કે, તેમની દિકરીને નિરજ તરફથી છુટાછેડા મેળવવા માટેની અરજી મળતા તેણીને લાગી આવતા આત્મહત્યા કરેલ, તે સિવાય બીજુ કોઈ કારણ ન હોવાનું જણાવેલ. આમ, આમ, પૈસાની માંગણી સંબંધે અથવાતો મૌનવીને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની હકીકત શંકાસ્પદ જણાય છે. કારણ કે, જો આ હકીકત સંબંધેનો બનાવ બનેલ હોત, તો આ કામે ફરીયાદીના નાના બહેન તથા ફરીયાદીના માતા તેઓની જુબાનીમાં મૌનવીને આત્મહત્યા કરવા માટેનું કારણ નિરજ તરફથી મળેલ નોટીસથી લાગી આવતા આત્મહત્યા કરેલે તેમજ આત્મહત્યા કરવા માટેનું બીજુ કોઈ કારણ ન હતું તેમ તેઓની ઉલટ તપાસમાં સ્પષ્ટ જણાવે છે તેમજ મૌનવી તેની માતા સાથે ૨૦૧૧ થી રહેતી હતી. જો લગ્ન બાદ આરોપીઓ ઘ્વારા મરણ જનારને મારઝુડ કરી કરાવી, શારીરિક તથા માનસિક ત્રાસ આપી સાસરેથી પિયર કાઢી મુકેલ હોત તો તેણીએ આટલા સમય સુધીમાં (૨૦૧૧ થી ૨૦૧૭) તેણીના સાસરીયાઓ વિરુઘ્ઘ કોઈ કાયદાકીય પગલાં ભરેલ હોત અથવા આંક–૩૦ અને આંક–૩૨ ના સાહેદો તેમની નાની બહેન અને તેમની માતા, મૌનવીના સાસરીયાપક્ષના ત્રાસ અંગે તેમની જુબાનીમાં કશું જણાવેલ હોત પરંતુ તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની દિકરીના પતિ ઘ્વારા મૌનવીને છુટાછેડાની નોટીસ મળતા તેણીને લાગી આવતા આત્મહત્યા કરેલી, તે સિવાય તેમની દિકરીને આત્મહત્યા કરવા માટેનું બીજુ કોઈ કારણ ન

હતું. આમ, આ હકીકતને ઘ્યાને લેતાં, મૌનવીને આરોપીઓ ઘ્વારા કોઈ ત્રાસ આપવામાં આવેલ હતો કે તેને આરોપીઓ ઘ્વારા પૈસાની માંગણી કરી, તેને આત્મહત્યા કરવા માટે, આત્મહત્યા કરતા તરત પહેલાં તેવો કોઈ ત્રાસ આપેલ હોય કે પૈસાની માંગણી કરેલ હોય, તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આ તમામ સંજોગોમાં માત્ર મરણ જનારે આત્મહત્યા કરેલ છે, તેટલા કારણમાત્રથી જ તે આત્મહત્યા કરવા માટેનું દુષ્પ્રેરણ હાલના આરોપીઓએ આપેલ હોવાનું માની શકાય નહીં અને આ સંબંધે આ હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત જણાવેલા મહત્વના સાહેદોના પુરાવાને ઘ્યાને લેતાં, એ હકીકત પુરવાર થતી નથી. વધુમાં, ઉપરોકત પુરાવાને અને ઉલટ તપાસને ઘ્યાને લેતાં, જયારે ફરીયાદી ઘ્વારા બે દિવસના વિલંબ બાદ ફરીયાદ આપવામાં આવેલ હોય અને અગાઉ કરેલ ચર્ચા મુજબ ફરીયાદીના નાના બેન વૈભવી શાહ તથા ફરીયાદીના માતા મીનાક્ષીબેન શાહ ઘ્વારા આપવામાં આવેલ જુબાનીને સમગ્રરીતે સંયુકતમાં ઘ્યાને લેતા, ફરીયાદીની ફરીયાદમાં જણાવેલી હકીકતો વિશ્વાસપાત્ર જણાતી નથી.

(૧૯) <u>પોલીસ સાહેદનો પુરાવો :</u>

ફરીયાદપક્ષ તરફે સાહેદ સરફરાજખાન ગુલાબખાન પઠાણને આંક–૩૯ થી તપાસવામાં આવેલા છે, તેઓ ઈન્વેસ્ટીગેશન સ્કવોર્ડ વસ્ત્રાપુર ખાતે તેમની ફરજ ઉપર કોન્સ્ટેબલ તરીકે હાજર હતા ત્યારે વસ્ત્રાપુર વન મોબાઈલ ગાડી તરફથી મેસેજ આવતા બનાવવાળી જગ્યાએ જઈ સાહેદ દર્શીલ અરવિંદભાઈ શાહ નાઓ હાજર મળતા તેઓએ આ કામે મરણ જનાર મૌનવીબેન નિરજ કનૈયાલાલ શાહ નાઓએ પહેલા માળ તેમના બેડરૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલાની હકીકત જણાવતા તે આધારે પ્રથમ માળે જઈ બેડરૂમમાં જોતાં, બેડ ઉપર મરણ જનાર મૌનવીબેનની લાશ પડેલ હોય, જેથી બે પંચો બોલાવી, હકીકતથી વાકેફ કરી, પંચો રૂબરૂ મરણ જનારની લાશ ઉપર ઈન્કવેસ્ટ ભરવાની મંજુરીથી અપેક્ષાએ પંચો રૂબરૂ ઈન્કવેસ્ટ પંચનામું કરી સદર બેડરૂમમાંથી બે સુસાઈડ નોટ તેમજ ગળેફાંસો ખાધેલ તે દુપટ્ટો પંચો રૂબરૂ કબ્જે કરેલ. તેઓની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ જયારે ફરીયાદી તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય, ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

(૨૦) <u>**તપાસ કરનાર પોલીસ અમલદારનો પુરાવો :**</u>

આંક–૪૩ થી ફરીયાદપક્ષ તરફે ત.ક.અ. રમેશભાઈ ખાનાભાઈ વાણીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૨/૦૫/૨૦૧૭ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે.માં પો.સબ. ઈન્સ્પેકટર તરીકે ફરજ ઉપર હતા, દરમ્યાન પી.એસ.ઓ. ધ્વારા ફ.ગુ.ર.નં.૧૧૪/૨૦૧૭ ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૩૦૬, ૨૯૪(ખ), ૧૧૪, દ.પ્ર.ધારા કલમ–૩, ૭ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેમને સોંપતા, જે સંભાળેલ, જેમાં ફરીયાદી મિનાક્ષીબેન શાહની પુત્રી મૌનવીને તેની સાસરીપક્ષના તેના પતિ, સાસુ–સસરા અને નણંદ નાઓએ શારીરિક, માનસિક ત્રાસ આપી, મૌનવીના પતિ નિરજને કેનેડા જવા માટે રૂા.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરી, ગાળાગાળી કરી, માર મારી ઘરેથી કાઢી મુકી, અસહ્ય ત્રાસ આપતા, મરી જવા માટે મજબુર કરતા પોતાના પિયરમાં પોતાની મેળે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ મરણ ગયેલ હોય, જેની તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાનું પંચનામું કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવી કાગળોમાં સામેલ રાખેલ તેમજ મરણ જનારે બનાવ બાબતે સુસાઈડ નોટ લખેલ હોય, જે ગુનાના કામે કબ્જે રાખેલ અને હસ્તાક્ષર નિષ્ણાંતમાં મોકલવા સારુ નોંધ રાખેલ. મરણ જનારની તપાસ પો.સ.ઈન્સ. જી.વી. ચુડાસમા નાઓને સોંપેલ. જેઓએ આરોપીઓ વિરુધ્ધ પુરાવા હોય, ચાર્જશીટ કરી નામ.કોર્ટમાં મોકલી આપેલ. તેમને આંક–૨૯ નુ ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવતા , જેને બે પંચોની રૂબરૂમાં કરેલ અને પંચોએ તેમની રૂબરૂમાં સહી કરેલ, જે રૂબરૂપણામાં તેમની સહી છે. આરોપીઓને અટક કરેલ હોય, તેઓને ઓળખી શકે તેમ જણાવેલ.

આરોપીઓ તરફે ત.ક.અ.ની ઉલટ તપાસ કરવામાં આવેલ, જેમાં તેઓએ એ વાત ખરી હોવાનું જણાવેલ કે, ગુજરનાર મૌનવીના લગ્ન આરોપી નિરજ સાથે ૨૦૦૬ માં થયેલા. તેઓ અંદાજે ૧૦ વર્ષથી અલગ રહેતા હોવાનું તેમની તપાસમાં ખુલેલું. આરોપીએ મરણ જનાર સામે ડિવોર્સ પીટીશન ફાઈલ કરેલી. ગુજરનાર મૌનવીના તપાસ દરમ્યાન પ્રાપ્ત થયેલા દસ્તાવેજોમાં તેના નામની પાછળ તેના પિતાજીનું નામ અરવિંદભાઈ લખેલુ માલુમ પડેલ. તેના પતિના નામવાળો કોઈ દસ્તાવેજ પ્રાપ્ત થયેલ નથી. વધુમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આક્ષેપિત બનાવ તા.૨૮/૦૧/૨૦૧૭ ના રોજ બનેલો, જયારે તેની

ફરીયાદ તા.૦૨/૦૫/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલી. ફરીયાદીએ આ ફરીયાદ વિલંબથી શા માટે આપેલી તે અંગેનું કોઈ કારણ કે ખુલાસો તેમની ફરીયાદમાં કરેલ નથી.

**(૨૧)** આમ, ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં, એ હકીકત પુરવાર થાય છે કે, અંદાજે ૧૦ વર્ષથી નિરજ અને મૌનવી અલગ રહેતા હોવાનું તેમની તપાસમાં ખુલેલ છે. એ હકીકત પણ પુરવાર થાય છે કે, મરણ જનારે બનાવ વખતે સુસાઈડ નોટ લખેલ હોય, જે ગુનાના કામે કબજે રાખેલ અને હસ્તાક્ષર નિષ્ણાંતમાં મોકલવા સારુ નોંધ રાખેલ પરંતુ ફરીયાદીના પુરાવામાં ફરીયાદી ખુદ જણાવે છે કે, તેમની દિકરીએ સુસાઈડ નોટ લખી હોય તો તે અંગેની તેમને માહીતી નથી. તેમને આવી કોઈ સુસાઈડ નોટ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં. વધુમાં, જો ફરીયાદપક્ષના કેસની હકીકતને ધ્યાને લેવામાં આવે તો તેમના જણાવ્યા મુજબ જો મરણ જનારને આરોપી તરફથી દુ:ખ, ત્રાસ હોત કે કેનેડા જવા માટે પૈસાની માંગણી સંબંધેનો ત્રાસ હોત તો તેણીએ આત્મહત્યા કરતા પહેલા આ તમામ હકીકતો સંબંધેની વિગતો તેણીના માતા–પિતાને ફોન કરીને ચોકકસ જણાવી શકેલ હોત. આમ, આ સમગ્ર હકીકતોને ધ્યાને લેતાં, ફરીયાદપક્ષના કથન મુજબના ગુનાહીત કૃત્યો આરોપીઓએ કરેલ હોય તેવુ વ્યાજબી શંકાથી પર પુરવાર થતુ નથી.

ઉપરોકત હકીકતોને ધ્યાને લેતાં, અગાઉ કરેલ ચર્ચા મુજબ મરણ જનાર ના આત્મહત્યાના તરત પહેલા તેણીને આરોપી તરફથી ફરીયાદપક્ષના કથન મુજબનો દુ:ખ, ત્રાસ હોવાનું તેમજ પૈસાની માંગણી કરેલ હોવા સંબંધેની કોઈ જ હકીકત જણાઈ આવતી નથી અને આવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલા છે. તેથી મુદ્દા નં.૨ તથા ૩ નો તે રીતે જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(૨૧.૧)** આ કામે રજુ થયેલ પુરાવો તેમજ પક્ષકારો તરફેની રજુઆત અને આક્ષેપિત ગુનાના કાનુની પ્રબંધો સંબંધે જયારે ફરીયાદપક્ષનો કેસ આઈ.પી.સી. કલમ–૩૦૬ હેઠળનો હોય, આ તબકકે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Amalendu Pal @ Jhantu Versus State Of West Bengal 2009 (0) AIJEL-SC 47699,** ચુકાદો ધ્યાને લીધેલ છે જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું પ્રસ્થાપિત કરેલ છે કે :

> "15. Thus, this Court has consistently taken the view that before holding an accused guilty of an offence under Section 306 IPC, the Court must

scrupulously examine the facts and circumstances of the case and also assess the evidence adduced before it in order to find out whether the cruelty and harassment meted out to the victim had left the victim with no other alternative but to put an end to her life. It is also to be borne in mind that in cases of alleged abetment of suicide there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. Merely on the allegation of harassment without their being any positive action proximate to the time of occurrence on the part of the accused which led or compelled the person to commit suicide, conviction in terms of Section 306 IPC is not sustainable.

16. In order to bring a case within the purview of Section 306 of IPC there must be a case of suicide and in the commission of the said offense, the person who is said to have abetted the commission of suicide must have played an active role by an act of instigation or by doing certain act to facilitate the commission of suicide. Therefore, the act of abetment by the person charged with the said offense must be proved and established by the prosecution before he could be convicted under Section 306 IPC.

17. The expression `abetment' has been defined under Section 107 IPC which we have already extracted above. A person is said to abet the commission of suicide when a person instigates any person to do that thing as stated in clause firstly or to do anything as stated in clauses secondly or thirdly of Section 107 IPC. Section 109 IPC provides that if the act abetted is committed pursuant to and in consequence of abetment then the offender is to be punished with the punishment provided for the original offense."

**(૨૧.૨)** વધુમાં જયારે ફરીયાદપક્ષના કથન મુજબ આરોપીઓ સામે આઈ.પી.સી.કલમ–૪૯૮(ક) મુજબના ગુન્હાનું તહોમત પણ ફરમાવેલ

હોય, આ સંબંધેનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **Indrasing M. Raol v/s State of Gujarat 1999(3) GLR 2536** ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,

> "7. The word "harassment" is not defined in Sec. 498-A. The meaning of the word "harass" which can be found from the dictionary is to subject some one to unbearable, continuous or repeated or persistent unprovoked vexatious attacks, questions, demands, or persecutions, or brutality, or tyranny, or harm, or pain, or affliction, or other unpleasantness, or grave annoyance, or troubles. In short what can be said is that Sec. 498-A will not come into play in every case of harassment and/or cruelty. Reasonable nexus between cruelty and suicide must be established. It should, therefore, be shown that the incessant harassment or cruelty was with a view to force the wife to end her life or fulfill illegal demands of her husband or in-laws, and was not matrimonial cruelty, namely usual wear and tear of matrimonial life. It should hardly be stated that the prosecution has to establish the charge beyond reasonable doubt. No doubt arithmetical accuracy is not expected from the prosecution, but it has to adduce such evidence which would be credible leaving no room to any reasonable doubt; and pointing to the guilt of the accused."

**(૨૨)** વધુમાં, આ કામે બચાવપક્ષ તરફે કરવામાં આવેલી દલીલ ધ્યાને લેતાં, આ કામે જયારે આક્ષેપિત ગુનાઓ સંબંધે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપીઓની વિરુધ્ધમાં કાનુની અનુમાન ઉત્પન્ન થતુ હોય, આ સંબંધે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે રહેલી હોય છે અને ફરીયાદપક્ષે પ્રાથમિક અને મુળભુત પુરાવો રજુ કરવામાં આવે અને તેનાથી તેમનો કેસ પુરવાર થતો હોય તો જ તેવા કિસ્સામાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૧૩(એ) અન્વયેનું અનુમાન કરવાનું રહે છે અને માત્ર અનુમાનના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં, સિવાય કે, ફરીયાદપક્ષ ધ્વારા તેમના કેસ સંબંધે માનવાલાયક અને સ્વીકારવાપાત્ર પુરાવો રજુ કરવામાં આવે. આ સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલતનો **નરેશકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ**

**હરીયાણા ૨૦૨૪(૩), એસ.સી.સી. ૫૭૩** તેમાં નામદાર સર્વોચ્ચ અદાલત એવુ ઠરાવેલ છે કે,

> "29. What is important to note is that the term 'the Court may presume having regard to all other circumstances of the case that such suicide had been abetted by her husband' would indicate that the presumption is discretionary, unlike the presumption under Section 113B of the Evidence Act, which is mandatory. Therefore, before the presumption under Section 113A is raised, the prosecution must show evidence of cruelty or incessant harassment in that regard."

**(૨૩)** આમ, ઉપરોકત કાનુની સિધ્ધાંતોને ધ્યાને લેતાં, જયારે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, તે સંજોગોમાં આરોપીઓએ મરનારને તેણીના લગ્ન જીવનના ટુંકા ગાળા દરમ્યાન શારીરિક, માનસિક ત્રાસ આપી, રૂા.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરી, ગાળાગાળી કરી, માર મારી ઘરેથી કાઢી મુકી, અસહય ત્રાસ આપેલ હોય કે આરોપીઓના આવા ત્રાસને કારણે કંટાળી જઈ અન્ય કોઈ વિકલ્પ નહી રહેતા મરનારે આપઘાત કરેલ હોય અને તે રીતે આરોપીઓએ મરનારને મરી જવુ પડે તેવા સંજોગોનું નિર્માણ કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવતો નથી અને તેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ઉપરોકત ઉપસ્થિત મુદ્દા નં.ર અને ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪</u>**

**(૨૪)** ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–// <u>હુ ક મ</u> //–**

**(૧)** આ કામના આરોપી નં.ર અરૂણાબેન વા/ઓ કનૈયાલાલ શાહ, આરોપી નં.૩ નીપાબેન ડો/ઓ કનૈયાલાલ શાહ તથા આરોપી નં.૪ નિરજ સન/ઓફ કનૈયાલાલ શાહ નાઓને સી.આર.પી.સી. કલમ ૨૩૫ (૧) અન્વયે તેઓની વિરૂધ્ધના તહોમતનામા મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૨૯૪(ખ), ૪૯૮(ક), ૧૧૪ અને દ.પ્ર

.ધારાની કલમ–૩, ૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ હાલ આ ગુના સબબ જામીન ઉપર મુકત થયેલા હોય, તેઓના જામીન તથા જામીનખત આથી રદૃ કરવામાં આવે છે.

(૩) જો આરોપીઓ વિરૂધ્ધના ગુના સબબ આ કામે થયેલ હુકમ વિરુધ્ધ ઉપલી અદાલતમાં અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આરોપીઓએ રૂા.૧૦,૦૦૦/– (દશ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા **સી.આર.પી.સી. કલમ ૪૩૭(એ)** ની જોગવાઈઓ અને શરતો મુજબ રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૪) હાલના કેસના કામે તપાસ દરમ્યાન કબજે લેવામાં આવેલ તમામ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નીયમોનુસાર નાશ કરવો.

(૫) આ કામે જપ્ત કરવામાં આવેલ વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર તેના માલીકીપણાની ખરાઈ કરીને જે તે વ્યકિતને પરત સોંપવો.

(૬) આ હુકમની એક નકલ સી.આર.પી.સી.કલમ–૩૬૫ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદને મોકલી આપવી.

આ ચુકાદો આજરોજ તારીખ–૦૬ ઠ્ઠી, માહે–મે, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
SANJAYKUMAR CHHAGANBHAI MAKVANA
on 06/05/2026 18:18:10 IST.

તા.૦૬/૦૫/૨૦૨૬
અમદાવાદ

(સંજયકુમાર સી. મકવાણા)
નવ મા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા, અમદાવાદ
જી.જે.૦૦૯૨૦

જી.એસ. મકવાણા